e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 154
August 01, 2008


## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના–મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જે મુજબ આજ તાઃ૧૯/૦૭/૨૦૦૮ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, અલથાણ ટેનામેન્ટ પાસે, ભટાર ચાર રસ્તા, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૦૨–૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૩૪ માં આવેલ દરબારનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૭–૮ ના ચોથા માળે સ્લેબ ભરવાના ઈરાદે ૧૨૦૦ ચો.ફૂટ કરેલું સેન્ટીંગ શટરીંગ દુર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં સા.વે. ઝોન (અઠવા) ના વી.બી.ડી.સી. વિભાગ ના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતગર્ત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશ

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિ તે હેતુસર મ્યુ.કમિશનરશ્રીના આદેશનુસાર સા. વે.ઝોન(અઠવા) સંલગ્ન વી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડાશ્રી પ્રદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ. આઝાદની સુચના મુજબ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જનિત રોગ નિયંત્રણ (ફાયલેરીયા–મેલેરીયા) વિભાગ તરફથી મચ્છરનો ત્રાસ દુર કરવા તેમજ ઉત્પતિ અટકાવવા માટે ધનિષ્ઠ કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જનિત રોગ નિયંત્રણ (ફાયલેરીયા–મેલેરીયા) વિભાગ તરફથી મચ્છરનો ત્રાસ દુર કરવા તેમજ ઉત્પતિ અટકાવવા માટે ધનિષ્ઠ કામગીરીનાં ભાગરૂપે ઘરેઘરમાં ચેકીંગ કરી મચ્છરની ઉત્પતિ થતી જણાય તો તે અંગેની ખામી દુર કરવા નોટીસ આપવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં બેગમપુરા નવાબવાડી મેઈન રોડ પર આવેલ વોર્ડ નં.૪ નોંધ નં.૧૯૩૭, ૧૯૩૮, ૧૯૩૯માં મિલ્કતદારશ્રી આનંદકુમાર બ્રિજકિશોર અગ્રવાલ તથા દુર્ગાપ્રસાદ ભંવરલાલ ડાયમા તે શ્રીમતી મીનાક્ષી વેદપ્રકાશ અગ્રવાલના પાવરદાર ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધનું બાંધકામ કરતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) માં મોજે પાલનપોર ખાતે ટી. પી. સ્કીમ નં. ૮ (પાલનપોર), ફા. પ્લોટ નં.૨૮ પૈકી સબ પ્લોટ નં.ડી. ઉપર બનાવવામાં આવેલ અખંડઆનંદ એપાર્ટમેન્ટમાં મંજુર પ્લાન વિરૂધ્ધ ભોંયતળીયે પાર્કીગમાં બનાવવામાં આવેલ આશરે ૫૦૦ ચોરસ ફુટ દુકાનનું બાંધકામ તોડી પાડી પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગ ધ્વારા દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૨–૦૮–૨૦૦૮ના રોજ દેશભકિત ગીત સ્પર્ધા ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન) ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માધ્યમિક અને ખુલ્લા વિભાગમાં યોજાશે. જેમાં સુરત શહેરની હદમાં આવેલ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા કલાકારો/સંસ્થાઓ ભાગ લઈ શકશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના–મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જે મુજબ આજ તા:૧૯/૦૭/૨૦૦૮ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, અલથાણ ટેનામેન્ટ પાસે, ભટાર ચાર રસ્તા, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૦૨–૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયરશ્રીમતિ.કૌશીકાબેન દેસાઈ,આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી.જે.પી.શાહ,રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી.પિયુષભાઈ શીવશકિતવાળા,નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રી.વિવેકભાઈ પટેલ, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલ, ડે.કમિશ્નર(સ્પે.)શ્રી પી.જે.ઝાલા, આરોગ્ય અધિકારીશ્રી.ડો.હેમંત દેસાઈ,કાર્યપાલક ઈજનેરશ્રી. જે.એમ.આઝાદ, મ્યુ.સદસ્યશ્રી.જશવંત ગાયકવાડ, શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ,શ્રીમતિ સુચિત્રાબેન પટેલ, અઠવાઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.આશીષ નાયક તથા અન્ય અધિકારી કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલે હાજર રહેલ મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમ સબંધી જાણકારી આપી હતી. મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે વિના–મૂલ્યે નિદાન સારવારના ૭૪ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ જેમાં – ૨૦,૫૨૫ જેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ હતો.વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પોમાં તજજ્ઞો દ્વારા જુદા–જુદા રોગનું નિદાન કરી સારવાર આપવામા આવે છે તથા જરૂર જણાયે સ્મીમેર હોસ્પીટલ ખાતે વધુ સારવાર માટે મોકલવામાં આવે છે.ચોમાસાની ઋતુમા કેમ્પો યોજવાનું મુખ્ય કારણ આ સમય દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે જેથી સ્લમ વિસ્તારના લોકો તેનો લાભ લે તથા યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવી જાગૃતિનાં કારણે પણ રોગચાળાનું પ્રમાણ ઘટવા પામે તેમ છે.

રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી.પિયુષભાઈ શીવશકિતવાળાએ પ્રાસંગીક પ્રવચનમા "નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮" ની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા છેવાડાના નાગરીકોને આરોગ્ય લક્ષી સેવા મળી રહે તે માટે ગરીબ/ સ્લમ વિસ્તારમા વિના મૂલ્યે નિદાન / સારવાર કેમ્પો યોજવામાં આવે છે. આવા કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા સ્થાનિક રહીશોને જણાવ્યુ હતુ. ચોમાસાની ઋતુ દરમ્યાન મેલેરીયાનાં કેસો વધુ જોવા મળે છે તે હેતુસર મચ્છરની ઉત્પત્તિ વિશે આરોગ્ય લક્ષી પ્રદર્શનમાં લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા સમજ આપવામા આવે છે તે મુજબ કાળજી રાખવા જણાવ્યુ હતુ.

આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રી જયપ્રકાશ શાહે ચોમાસાની ઋતુ દરમ્યાન થતા રોગો અને તેને અટકાયત અંગે આવા કેમ્પોનું આયોજન કરેલ છે તે ખુબજ પ્રસંશનિય છે તેમ જણાવેલ.આ કેમ્પમાં પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોથી બચવાના ઉપાયો વિશે પેમ્પલેટ, જાહેરાત,ઓડીયો વિઝયુઅલ દ્વારા જે સમજ આપવામાં આવે છે તે નાગરીકો માટે ઘણી ઉપયોગી થાય તેમ છે.હાલનાં સંજોગોમાં મેડીકલ સારવાર ખૂબજ મોંઘી છે ત્યારે સુરત મહાનગરપાલિકા આયોજીત વિના–મૂલ્યે નિદાન/સારવાર કેમ્પો ગરીબ નાગરીકો માટે આશિર્વાદ સમાન છે જેથી તેનો લાભ લેવા જણાવ્યુ હતુ.

ડે.મેયરશ્રીમતિ. કૌશીકાબેન દેસાઈએ મહાનગરપાલિકા મારફતે યોજવામા આવતા જુદા જુદા આરોગ્ય લક્ષી કાર્યક્રમોની પ્રસંસા કરી મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી. વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનો લાભ લેવા તથા આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગો વિશેની માહિતી, ઉપચાર તથા તકેદારી રાખવા " પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર " ના સૂત્રને સાર્થક કરવા હાજર રહેલ નાગરીકોને અનુરોધ કર્યો હતો.

મેડીકલ કેમ્પનો અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રનાં આસપાસ વિસ્તારના કુલ–૩૫૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૪૭,ચામડીના નિષ્ણાત દ્વારા ૮૫,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૩,બાળરોગ નિષ્ણાત દ્વારા ૬૫,ફિઝીશયન દ્વારા ૯૦, સર્જન દ્વારા ૧૧,એસ.ટી.ડી.૦૪ અને અન્ય ૧૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૦૫ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૮ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૬૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય વિભાગના વિવિધ ખાતા દ્વારા પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ,ટી.બી.,મેલેરીયા વિગેરે રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી,૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોના લાર્વી(પાણીમાં થતા પોરા) તેમજ તેના નાશ માટે પાણી ભરાવાની,સ્વચ્છતા બાબતની અને ગપ્પી–ગમ્બ્યુસીયા નામની માછલીના ઉપયોગ કરવા અંગેનું નિર્દેશન સ્થળ પર કરી બતાવવામાં આવેલ.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૩૦–૦૭–૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૩૪ માં આવેલ દરબારનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૭–૮ ના ચોથા માળે સ્લેબ ભરવાના ઈરાદે ૧૨૦૦ ચો.ફૂટ કરેલું સેન્ટીંગ શટરીંગ દુર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), માં આવેલ વિહારનગર સોસાયટીના સબ પ્લોટ નં. ૧૦૭–૧૦૮ ના પ્રથમ માળે સ્લેબ ભરવાના ઈરાદે કરેલું સેન્ટીંગ શટરીંગ દુર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ)માં રે.સ. નં. ૧૭૧/પૈકીમાં આવેલ હરીધામ સોસાયટીના સબ પ્લોટ નં. ૨૯ વાળી મિલ્કતમાં મિલ્કતદારે સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજૂરી મેળવ્યા હયાત પ્લીન્થની ઉપરનું કરેલ ચણતર દુર કરવામાં આવેલ. આ ડીમોલીશન કામગીરીના પેટે મિલ્કતદાર પાસેથી રૂા. ૪,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૪) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફા. પ્લોટ નં. ૨ માં આવેલ મંગલગૃપ સોસાયટીના સબ પ્લોટ નં. ૧–૨ માં મિલ્કતદારે ડોબરા ખોદિ ફુટીંગ ભરવા સહિત ગ્રાઉન્ડ લેવલ સુધી કોલમ ભરવાનું ગેરકાયદેસર બાંધકામ કરતા, સ્થળ પર ડોબરા પુરાવી, કોલમના સળીયા જપ્ત કરવામાં આવેલ.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં સા.વે. ઝોન (અઠવા) ના વી.બી.ડી.સી. વિભાગ ના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતગર્ત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશ

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિ તે હેતુસર મ્યુ.કમિશનરશ્રીના આદેશનુસાર સા. વે.ઝોન(અઠવા) સંલગ્ન વી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડાશ્રી પ્રદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ. આઝાદની સુચના મુજબ તા. ૨૯–૦૭–૦૮ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિ ના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી. વિભાગની ૦૬(છ) ટીમ બનાવી વેસુ વિસ્તારમાં આવેલ બાંધકામમાં મચ્છરની ઉત્પતિ બાબતે ઘનિષ્ઠ સર્વેલન્સની કામગીરીની ઝુંબેશ હાથ ઘરવામાં આવેલ આ ઝુંબેશ દરમ્યાન શિલ્પ , શ્રી પોદાર, શિવ સાગર, શિવ દર્શન, રાજ સિધ્ધી ,સ્વસ્તિક વુડસ, રત્નધામ, સ્વસ્તિક વિહાર, વૃષભ ટાવર, રત્ન જયોતી, આંગન રેસીડન્સી, હેમ્પટન પાર્ક, જોલી રેસીડન્સી , નંદિની બાંધકામ, સૂર્યા રેસીડન્સી , રોયલ રેજન્સી બાંધકામોમાં કુલ ૪૬ બ્રિડીંગ મળી આવતાં તેનો નાશ કરવામાં આવેલ તેમજ બાંધકામની કામગીરી દરમ્યાન મચ્છરોની ઉત્પતિ રોકવા બાબતે બેકાળજી દાખવનારા બાંધકામના માલિકો પાસેથી કુલ રૂા. ૮૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત લેવામાં આવેલ. વધુમાં બાંધકામોમાં કામ કરતાં મજુરોના કુલ –૨૯૬ લોહીના નમૂના મેલેરીયા નિદાન માટે લેવામાં આવેલ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારણ સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી. વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતા અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારી ને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી ઘરવામાં આવશે. તેની જાણ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જનિત રોગ નિયંત્રણ (ફાયલેરીયા–મેલેરીયા) વિભાગ તરફથી મચ્છરનો ત્રાસ દુર કરવા તેમજ ઉત્પતિ અટકાવવા માટે ધનિષ્ઠ કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં વાહક જનિત રોગ નિયંત્રણ (ફાયલેરીયા–મેલેરીયા) વિભાગ તરફથી મચ્છરનો ત્રાસ દુર કરવા તેમજ ઉત્પતિ અટકાવવા માટે ધનિષ્ઠ કામગીરીનાં ભાગરૂપે ઘરેઘરમાં ચેકીંગ કરી મચ્છરની ઉત્પતિ થતી જણાય તો તે અંગેની ખામી દુર કરવા નોટીસ આપવામાં આવે છે અને નાગરીકો તરફથી તેનો અમલ કરવામાં આવે છે. પરંતુ આવા એક કિસ્સામાં રાંદેર ઝોનમાં નવયુગ કોલેજની સામે દિવ્યકુંજ સોસાયટીનાં બી–૨૨નંબરના ફલેટનાં શ્રી મયુરભાઈ પ્રવિણચંદ્ર શાહને તેમનાં એપાર્ટમેન્ટની ઓવરહેડ ટાંકીનું ઢ ાંકણ હવા ચુસ્ત બંધ ન હોવાથી મચ્છરની ઉત્પતિ અટકાવવા જરૂરી પગલાં ભરવા ફાઈલેરીયા નિરીક્ષકશ્રી આર. જી. વસાવાએ જંતુનાશક અધિકારી શ્રી જે. ડી. પટેલની સહિથી નોટીસ આપેલ હતી. આ નોટીસનો અમલ નહિ કરતાં ફાઈલેરીયા પ્રોસીકયુશન સબ ઈન્સ્પેટકર શ્રી એમ. એમ. ચોકસીએ મ્યુ. કોર્ટમાં આ વ્યકિત સામે ધી બી. પી.એમ.સી. એકટ–૧૯૪૯ હેઠળ કેસ દાખલ કરેલ હતો. આ કેસમાં કોર્ટમાં કામ ચાલી જતાં તમામ સાહેદની તપાસ પુરી થયેથી મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ (મ્યુ.) શ્રી કે. કે. પટેલ સાહેબે તેમના તા.૨૨–૦૭–૨૦૦૮નાં રોજ ચૂકાદામાં આરોપીને કસુરવાર ઠરાવી રૂા.૧૦૦/– નો દંડ અને જો દંડ ન ભરે તો એક દિવસની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં મહાનગરપાલિકા તરફે ઈન્ચાર્જ લો ઓફિસરશ્રી એન. ડી. ચૌહાણ તથા પેનલ વકીલ શ્રી રાજુભાઈ પંજવાણીએ ધારદાર રજુઆત કરેલ હતી.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં બેગમપુરા નવાબવાડી મેઈન રોડ પર આવેલ વોર્ડ નં.૪ નોંધ નં.૧૯૩૭, ૧૯૩૮, ૧૯૩૯માં મિલ્કતદારશ્રી આનંદકુમાર બ્રિજકિશોર અગ્રવાલ તથા દુર્ગાપ્રસાદ ભંવરલાલ ડાયમા તે શ્રીમતી મીનાક્ષી વેદપ્રકાશ અગ્રવાલના પાવરદાર ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધનું બાંધકામ કરતા તા.૨૯–૦૭–૨૦૦૮ના રોજ ત્રીજા માળનું ૬૫૦ ચો.ફુટ વિસ્તારનું આર. સી. સી. બાંધકામ દુર કરવામાં આવેલ છે. તથા મિલ્કતદાર પાસેથી રૂા.૧૯,૦૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

# રાંદેર ઝોનની કામગીરી

૧) સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) માં મોજે પાલનપોર ખાતે ટી. પી. સ્કીમ નં. ૮ (પાલનપોર), ફા. પ્લોટ નં.૨૮ પૈકી સબ પ્લોટ નં.ડી. ઉપર બનાવવામાં આવેલ અખંડઆનંદ એપાર્ટમેન્ટમાં મંજુર પ્લાન વિરૂધ્ધ ભોંયતળીયે પાર્કીગમાં બનાવવામાં આવેલ આશરે ૫૦૦ ચોરસ ફુટ દુકાનનું બાંધકામ તોડી પાડી પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે. સદર મિલ્કતના મિલ્કતદાર શ્રી કરસનભાઈ ઝેડ. પટેલ પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– વહીવટી ઈજનેરી ચાર્જ તથા રૂા.૫૦,૦૦૦/– ડીપોઝીટ પેટે વસુલ લેવામાં આવેલ છે. સદર પાર્કીગ ખુલ્લુ થવાથી સદર એપાર્ટમેન્ટમાં રહેતા રહીશો તથા મુલાકાતીઓના વાહનોનું પાર્કીગ સરળતાથી થઈ શકશે અને આ રીતે પાર્કીગની સમસ્યાનો કાયમી ઉકેલ આવેલ છે.

ઉકત ડીમોલીશનની કામગીરી મા. ઝોન ચીફ શ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર)ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૨) સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)માં ટી. પી. સ્કીમ નં.૩૦ (રાંદેર), ફા. પ્લોટ નં.૫ માં આવેલ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટના મંજુર પ્લાન વિરૂધ્ધ ભોંતળીયે પાર્કીગમાં બનાવવામાં આવેલ જુદી–જુદી ૦૩ દુકાન (૧) ગુજરાત ગેસ તથા દ. ગુ. કંાું. જી.ઈ.બી. ના બીલ કલેકશન સેન્ટર (૨) ગોડાઉન અને (૩) જનરલ પ્રોવીઝન સ્ટોરની દુકાનોનું ડીમોલીશન કરી આશરે ૮૦૦ ચો. ફુટ જેટલુ ગેરકાયદેસર બાંધકામ દુર કરી સદર એપાર્ટમેન્ટનું પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ છે તથા મિલ્કતદાર શ્રી બળવતંભાઈ ઠાકોરભાઈ પટેલ પાસેથી રૂા.૫૦,૦૦૦/– ઈજનેરી વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં, અન્ય એક કિસ્સામાં ટી. પી. સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ), ફા. પ્લોટ નં.૧૦૩, ઓપન સ્પેશના હેતુ માટેનો મહાનગરપાલિકાનો અનામત પ્લોટ મઝદા ચેમ્બર્સ પાસે અભિષેક સોસાયટીની બાજુમાં તાડવાડી પાસે આવેલ જેનું કુલ ક્ષેત્રફળ ૪૧૩૧ ચો. ફુટ. આજ રોજ ખુલ્લો કરી રીર્ઝવેશન પ્લોટનો કબ્જો મેળવવામાં આવેલ છે. આ પ્લોટમાં ટૂંક સમયમાં ગાર્ડન બનાવવામાં આવનાર છે.

ઉકત ડીમોલીશનની કામગીરી મા. ઝોન ચીફ શ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર)ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## સાંસ્કૃતિક વિભાગ દ્વારા દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૨–૦૮–૨૦૦૮ના રોજ દેશભકિત ગીત સ્પર્ધા ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન) ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માધ્યમિક અને ખુલ્લા વિભાગમાં યોજાશે. જેમાં સુરત શહેરની હદમાં આવેલ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા કલાકારો/સંસ્થાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ મુગલીસરા, સુરત મહાનગર પાલિકાની મુખ્ય કચેરીની સામે આવેલ કાશ્મીરા બિલ્ડીંગ સ્થિત, સાંસ્કૃતિક વિભાગમાંથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રદ આપવાની તથા સ્વીકારવાની અંતિમ તા.૦૫–૦૮–૨૦૦૮ રાખવામાં આવી છે.

TOP